m. 17

WE SERVE TO SAVE

# રાજય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી

બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ઈ-મેલ: dir.sfps@gmail.com, ટેલિફોન નં.૦૭૯-૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦.

ક્રમાંક: સફસ/ફન-૧૭/૩૭૫ /૨૦૨૦ તા.૨૩ /૧૧/૨૦૨૦

વંચાણે લીધા:- (૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/V/156 OF 2014/PRC-102013-382(Part)-L, Date:19/08/2014.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/L1-154 OF 2020- AGN/10/2020/422/L.1, Date:03/10/2020.

<u>પ્રસ્તાવના:-.</u>

ગુજરાત રાજ્યમાં આગની ઘટનાઓ નિવારી શકાય તે માટે ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઇફ સેફ્ટી મેઝર્સ એક્ટ,૨૦૧૩ અમલમાં આવેલ છે. રાજ્યના વિવિધ નગરપાલિકાઓ તથા ઓથોરીટી વિસ્તારમાં સરકારશ્રી દ્વારા જાહેરનામા ક્રમાંક: GH/V/156 OF 2014/PRC-102013-382(Part)-L તા.૧૯/૦૮/૨૦૧૪ તથા મહાનગરપાલિકા વિસ્તારમાં સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક: GH/L1-154 OF 2020- AGN/10/2020/422/L.1, તા.0૩/૧૦/૨૦૨૦. થી કાયદાની અમલવારી કરવામાં આવેલ છે. કાયદાની કલમા-૧૨થી વિવિધ બિલ્ડીંગ્સ માટે ફાયર સેફ્ટી ઓફિસરની નિયુક્તિની જોગવાઇ કરવામાં આવેલ છે. તથા હાલ ફાયર સેફ્ટી ઓફિસરની લાયકાત, એનરોલમેન્ટ, કામગીરી, તાલીમ વગેરે બાબતોને આનુષાંગિક નીતિ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરવામાં આવી રહેલ છે. ફાયર સેફ્ટી ઓફિસર્સનું રજીસ્ટ્રેશન થયેથી તેમને તાલીમ આપવી જરૂરી બનશે. તેવા સંજોગોમાં સદરહું તાલિમ સંદર્ભે સંસ્થાકિય તાલિમ અંગેનો અભ્યાસક્રમ ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા તૈયાર કરવામાં આવી રહેલ છે. જ્યારે ક્ષેત્રીય તાલીમ માટે વિવિધ મહાનગરપાલિકાઓની ફાયર શાખા મારફત તાલિમ આપવાની બાબત વિચારણા હેઠળ છે.

<u>હુકમ:-</u>

ક્ષેત્રીય તાલીમ માટેનું તાલીમ મોડયુલ તૈયાર કરવાની કામગીરી પ્રિન્સીપાલશ્રી ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સેફ્ટી ટ્રેનિંગ દ્વારા તૈયાર કરવાનું રહેશે તથા તાલિમ માટે વિવિધ મહાનગરપાલિકાઓની ફાયર શાખામાં તાલિમાર્થીઓને એટેચમેન્ટ માટે પ્રિન્સીપાલશ્રી ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સેફ્ટી ટ્રેનિંગને અધિકૃત કરવામાં આવે છે. મહાનગરપાલિકાના રીજીયોનલ ફાયર ઓફિસરશ્રીઓએ ક્ષેત્રીય તાલીમ અંગેની વ્યવસ્થાઓ કરવાની રહેશે તથા તે અંગેનાં તાલીમ મોડયુલ મુજબનાં કેસ સ્ટીડી તૈયાર કરી તાલીમ આપવાની રહેશે.

નિયામક

રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,

પ્રતિ,

(૧) મ્યુનિસિપલ કમિશનર સાહેબશ્રી,
અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત/ભાવનગર/જામનગર/જુનાગઢ/ગાંધીનગર મહાનગરપાલિકા.

(૨) રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી,
વડોદરા/ગાંધીધામ/ગાંધીનગર/રાજકોટ/સુરત.

(૩) ચીફ ફાયર ઓફિસરશ્રી,
ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ,
અમદાવાદ/વડોદરા/રાજકોટ/સુરત/ભાવનગર/જામનગર/જુનાગઢ/ગાંધીનગર મહાનગરપાલિકા.

<u>નકલ સવિનય રવાના:</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર તરફે જાણ સારૂ.